# ડહોળા પાણીની સમસ્યા તાકીદે ઉકેલી પુરા ફોર્સથી પુરવઠો આપવા પિન્કી પટેલની રજુઆત

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં ડહોળુ પાણી આવવાના મુદ્દે આજે વોર્ડ નં. ૬ના કોંગી કાઉન્સીલર પિન્કીબેન પટેલે રોષ વ્યક્ત કરી સરકારે આ બાબતે ગંભીરતા દાખવી અને જરૂરી પગલાં લેવા માંગ કરી છે.

આજે શહેરમાં છેલ્લા એક સપ્તાહથી આવી રહેલા ડહોળા પાણીની સમસ્યા અંગે તેમણે ઉગ્ર આક્રોશ વ્યકત કરી જિલ્લા કલેક્ટરને પત્ર લખ્યો છે. તેમણે તેમના આ પત્રમાં જણાવ્યું છે કે ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોર્ડ દ્વારા પાણીનું શુધ્ધિકરણ કરી સપ્લાય કરવાની કામગીરી છે.

પરંતુ શહેરમાં ડહોળુ પાણી આવવુ તેમજ અપુરતા ફોર્સથી પાણી પુરવઠો આપવામાં આવી રહ્યો છે. તેમાં અપુરતો સ્ટાફ જવાબદાર હોવાનું કારણ સૌથી વધુ મોટુ દેખાય છે. આ ઉપરાંત અધિકારીઓ પાસે એક કરતાં વધુ જગ્યાના હવાલાને કારણે મૂળ કામગીરી પર પણ અસરો પડી રહી છે. તેમણે જણાવ્યું છે કે આઉટસોર્સિંગથી રખાયેલા માણસો પાસે પુરતુ તકનીકી જ્ઞાન પણ ન હોવાને કારણે સમસ્યા ઘેરી બની છે.

તેમણે ગાંધીનગર શહેરના આરોગ્યની અતિ સંવેદનસીલ બાબત હોવાથી તેને અટકાવી અને જરૂરી માર્ગદર્શન સાથેની સૂચનાઓ તંત્રમાં સૌને આપવામાં આવે તેવી માંગ કરી છે.

ગાંધીનગર માટે પાણી શુદ્ધિકરણનો પ્લાન્ટ પણ પુરી ક્ષમતા ધરાવતો નહિ હોવાનું જણાવતાં તેમણે પાયાની સુવિધામાં તંત્ર ગંભીરતા દાખવે તે જરૂરી હોવાનું કહ્યું છે. શ્રીમતિ પટેલે ગાંધીનગર શહેરમાં પુરા ફોર્સથી પાણી પુરવઠો આપવામાં આવે તેવી માંગ પણ કરી છે.

# મેઘરજના ભેમાપુર ગામે માતાજીની મુર્તિ પધરાવા જતા ભાભી-દિયર ડૂબ્યા

મેઘરજ તાલુકાના ભેમાપુર માંડલીના રાવલ ફળિયાની ૩૫ વર્ષીય મહિલા રાવલ રેખાબેન બાલુભાઈને દશામાનું ૧૦ દિવસનું વ્રત હોય જે છેલ્લા દિવસે જાગરણ બાદ સવારે તેમના ગામમાં આવેલા ભીમનાથ મહાદેવ વાળા તળાવમાં મુર્તિ પધરાવવા કુટુંબના બાળકો સાથે ગયા હતા તે અરસામાં પાણી નજીક રેખાબેન અને તેમનો ૧૪ વર્ષીય દિયર રાવળ ગોવિંદભાઈ હાથીભાઈ બન્ને જતાં સતત વરસાદના કારણે કાદવ હોય ગોવિંદ લપસી જતા રેખાબેન ગોવિંદને પકડવા જતા બન્ને પાણીમાં ડુબી ગયા હતા.



# ડ્રીમ ફીગર ફીટનેસ સેન્ટર દ્વારા પ્રદર્શન-કમ-વેચાણ યોજાયું

ઘરની જવાબદારીઓની સાથે સાથે ગૃહ ઉદ્યોગ અને હસ્તકલા-કારીગરીમાં નિપુણ ગૃહિણીઓમાં આજ-કાલ બહેનો માટેના જ પ્રદર્શન-કમ-વેચાણનું ચલણ ખૂબજ વધ્યું છે. ગાંધીનગરના સેકટર-૮ માં ડ્રીમ ફીગર હેલ્થ એન્ડ ફીટનેસ સેન્ટર દ્વારા તાજેતરમાં પ્રદર્શન-કમ-વેચાણનું આયોજન કરાયું હતું. ગાંધીનગરની ૨૦ થી વધુ મહિલાઓએ આમાં ભાગ લીધો હતો. આગામી નવરાત્રીના તહેવારોને અનુલક્ષીને યોજાયેલા આ પ્રદર્શન-કમ-વેચાણમાં મોતીના ઘરેણા, બીડ જ્વેલરી, ગૃહ સુશોભનની વસ્તુઓ, ચણીયાચોલી, વસ્ત્રો અને રાખડી તેમજ અન્ય ઉપયોગી વસ્તુઓનું પ્રદર્શન-કમ-વેચાણ યોજાયું હતું. બે દિવસના આ પ્રદર્શન-કમ-વેચાણ દરમિયાન ૨૦૦ થી વધારે બહેનોએ લાભ લીધો હતો.





# પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં તા. ૧૨/૮/૨૦૧૬ ને શુક્રવાર નારોજ સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો હતો જેમાં ૪૩૫ લોકો એ લાભ લીધો હતો . પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે જિલ્લા કક્ષાનો ૧૫ મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વની પ્રાંતિજ ખાતે ઉજવણી ના ભાગરૂપે સર્વરોગ નિદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રાંતિજ નગરપાલિકા ના સફાઈ કામદારો તેમજ વિકલાંગો માટે વિકલાંગ આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો હતો જેમાં જિલ્લા આરોગ્ય ડૉ મનીષ ફેન્સી અને તાલુકા લાયઝન ઓફિસર ડૉ એન.એમ.શાહ , ડૉ ગૌતમભાઈ નાયક , ડૉ.જીગ્નેશભાઈ રાઠોડ વગેરે રોગના નિષ્ણાતો તબીબી અને સમગ્ર આરોગ્ય ટીમે જહેમત ઉઠાવી કેમ્પ ને સફળ બનાવેલ હતો.

# વિધાનસભાનું સત્ર પાંચ દિવસનું કરવા તેમજ ઉપાધ્યક્ષ પદ વિપક્ષને આપવાની માંગ

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત વિધાનસભાનું સત્ર બે દિવસના બદલે પાંચ દિવસનું બોલાવવા અને ઉપાધ્યક્ષ પદ કોંગ્રેસને આપવાની માંગણી વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ કરી છે.

આજે એક પત્રકાર પરિષદને સંબોધતા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે લોકસભાના અધ્યક્ષના અધ્યક્ષપદે અધ્યક્ષોની કોન્ફરન્સમાં વિધાનસભા સત્રના દિવસો વધારવા માટેનો એક ઠરાવ કરવામાં આવ્યો હતો. પરંતુ આ ઠરાવની ભાજપ સરકારે મજાક ઉડાડી છે. માત્ર બે દિવસનું સત્ર બોલાવ્યુ છે.

વિધાનસભાનું સત્ર રાજ્ય સરકારે માત્ર બે દિવસ માટે જ બોલાવ્યું છે. તે અંગે તેમણે જણાવ્યું હતું કે આ સત્ર ઓછામાં ઓછા પાંચ દિવસ બોલાવવાની અમારી માંગણી છે અને આ અંગે અમે વિધાનસભાના અધ્યક્ષને પત્ર લખી રજુઆત કરીશુ.

વિધાનસભાના ઉપાધ્યક્ષનું પદ વિપક્ષને આપવાની પરંપરા છે, પરંતુ ભાજપ સત્તામાં આવી ત્યારથી આ પરંપરા બંધ કરી દેવામાં આવી છે એમ જણાવીને તેમણે જણાવ્યું હતું કે ભાજપ સરકારે ઉપાધ્યક્ષનું પદ વિપક્ષને આપવું જોઈએ. જો અમને મળશે તો કોંગ્રેસ ઉપાધ્યક્ષ પદ દલિત ધારાસભ્યને ફાળવશે. રાજ્યમાં ભાજપ સરકાર સત્તા પર આવી છે ત્યારથી કાયદો અને વ્યવસ્થાનું ધોવાણ થઈ ગયું છે. પ્રજાની કોઈ જ સુરક્ષા થતી નથી. ગુન્હાખોરી રાજ્યમાં વધી છે.

# ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સર્જકની કેફિયત કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા સર્જકની કેફિયત અંતર્ગત સ્વમુખે પઠનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૧૪ ઓગષ્ટને રવિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧ ખાતે આ કાર્યક્રમ યોજાશે.

સર્જકની કેફિયત અંતર્ગત લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશનના નિવૃત્ત અધિકારી અને સાહિત્યકાર નાથાલાલ દેવાણીએ ગુજરાતી સાહિત્યની ગદ્ય અને પદ્યની ઉત્તમ કૃતિઓને સ્વહસ્તાક્ષરમાં ૮ થી ૯ હસ્તલિખિત સંકલનો બહાર પાડેલ છે. તેઓની કેફિયત અંગે તથા ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય ભીખુ કવિની સ્વરચિત રચનાઓનો આ કાર્યક્રમમાં સ્વમુખે પઠન કરવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમ સંસ્થાના પ્રમુખ ભરત કવિના અધ્યક્ષસ્થાને યોજાશે.

આ સાહિત્ય કાર્યક્રમનો લાભ લેવા નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્યરસિકો તથા સાહિત્ય સભાના સર્વે સભ્યોને મંત્રી મૂળજીભાઈ પરમાર દધિ દ્વારા જણાવાયું છે.

# આમ આદમી પાર્ટી સંસદીય સચિવોની નિમણુકો સામે હાઈકોર્ટમાં જશે

ગાંધીનગર, તા.૧૨

આમ આદમી પાર્ટી દ્વારા દિલ્લીમાં સરકાર બન્યા બાદ ૨૧એમએલએને સંસદીય સચિવ બંનાવવામાં આવ્યા હતા. આ સંસદીય સચિવોને સરકાર તરફથી કોઈ પણ પ્રકારની સગવડો જેમ કે લાલ લાઈટ વાળી ગાડી , સરકારી બંગલો કે કોઈ પણ અન્ય સુવિધાઓ આપવામાં આવતી ન હતી. આ એમએલએ માત્ર સરકારી વિભાગોમાં પ્રજાલક્ષી કાર્યો વ્યવસ્થિત પ્રકારે થઈ થઈ રહ્યા છે કે કેમ તે સુનિશ્ચિત કરવા બનાવવામાં આવ્યા હતા. ત્યારે ભારતીય જનતા પાર્ટીના નેતાઓ દરેક જગ્યાએ એક આક્ષેપ લગાવતા હતા કે કેજરીવાલ સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવેલા સંસદીય સચિવ ગેરબંધારણીય છે તેમની ધારાસભ્યની સદસ્યતા રદ્દ થવી જોઈએ ત્યારે આજે ભાજપ સરકાર દ્વારા ગુજરાતમાં ૧૧ જેટલા સંસદીય સચિવની નિયુકિત કરવામાં આવી છે.

જો દિલ્લીમાં આ નિયુક્તિઓ ગેરબંધારણીય હોય તો ગુજરાતમાં બંધારણીય કેવી રીતે હોઈ શકે? આજે ગુજરાત સરકાર દ્વારા જે નિયુક્તિ કરવામાં આવી છે તે તમામ એમએલએને પ્રજાની કાળી કમાઈનો ઉપયોગ કરી ભાજપ સરકાર દ્વારા ગાડી ,ઓફીસ ઉંચો પગાર જેવી અનેક સુવિધાઓ પુરી પાડવામાં આવશે. ત્યારે સ્પષ્ટ થાય છે કે આ સરકારને પ્રજા લક્ષી કાર્યો કરવામાં નહિ પરંતુ પોતાના એમએલએને સુખ સુવિધાઓ આપવામાં રસ છે. આમ આદમી પાર્ટી અગાઉ આ નિમણુંકોની સામે ઈલેકશન કમિશનમાં ફરિયાદ કરી ચુકી છે હવે આમ આદમી પાર્ટી આ નિમણુંકો રદ્દ થાય તે માટે હાઈકોર્ટમાં જશે.

# સજીવ ખેતી મહા શિબિર પેથાપુરમાં યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

ભારતીય કિસાન સંઘ, ગુજરાત પ્રદેશ અને કૃષિ વિભાગના સંયુક્ત ઉપક્રમે ઝીરો બજેટ સજીવ ખેતી મહાશિબિરનું આયોજન આગામી તા. ૨૭ થી ૩૧ ઓગષ્ટ દરમ્યાન વિશ્વ નિકેતન આશ્રમ, પેથાપુર ખાતે કરવામાં આવ્યુ છે.

સજીવ ખેતી ક્ષેત્રે છેલ્લા ઘણા સમયથી વિવિધ સંશોધનો થઈ રહ્યા છે. ઓછા ખર્ચે થતી આ સજીવ ખેતી અંગે જાણકારી મેળવવા અને તેનો પ્રયોગ પોતાના ખેતરમાં કરવા માટે ઘણા ખેડૂતો ઉત્સુક છે.

ગુજરાતમાં પણ એક ઉત્સાહપૂર્ણ વાતાવરણ બને અને વધુમાં વધુ કિસાનો અને કૃષિ ક્ષેત્રે કાર્યરત સરકારના વિભાગો પણ સહભાગી થઈ ઝીરો બજેટ ઓર્ગેનીક ફાર્મીંગ દ્વારા આયોજન બદ્ધ રીતે કામગીરી થાય તેના માટે ગુજરાતમાં આગામી દિન-૨૭ થી ૩૧ ઓગષ્ટ-૨૦૧૬ દરમ્યાન ગાંધીનગર ખાતે પાંચ દિવસીય મહાશિબીરનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સમગ્ર રાજ્યમાંથી આ ક્ષેત્રે ઉત્સાહિત કિસાનો અને અનેક સંગઠ્ઠનના પ્રતિનિધિઓ તથા સરકારના પણ કૃષિવિભાગ, સજીવ ખેતી સેલ, કૃષિ યુનિવર્સિટી, સંશોધન કેન્દ્રો, આત્મા પ્રોજેક્ટ, ગૌશાળા-પાંજરાપોળો, કામધેનુ યુનિવર્સિટી, ગૌ સેવા આયોગ, જેવી અનેક સંસ્થાઓ સહભાગી રહે તેવા પ્રયાસો થઈ રહ્યા છે. અન્ય રાજ્યમાંથી પણ અનેક ઉત્સુકો દ્વારા પણ ભાગ લેવા પુછપરછ થઈ રહી છે.

વિશ્વનિકેતન આશ્રમ, પેથાપુર, ગાંધીનગર ખાતે યોજાનાર કાર્યક્રમમાં ભાગ લેવા માટે ૫૦૦ રૂ. પાંચ દિવસનું પ્રતિનિધિ શુલ્ક રાખવામાં આવેલ છે. જેમાં રજીસ્ટ્રેશન-નિવાસ-ભોજન-સાહિત્ય-વ્યવસ્થા વિગેરેનો સમાવેશ છે. ૩૦૦૦ પ્રતિનિધિઓ ભાગ લે તે પ્રકારની તૈયારીઓ કરવામાં આવી રહી છે. ગુજરાતના કૃષિ ક્ષેત્રે આ મહત્વપુર્ણ સાબિત થનારા સજીવખેતીના વર્ગ અંગે સરકારના કૃષિ વિભાગનો પણ સહયોગ રહેશે અને સર્વ રીતે ઐતિહાસીક શિબીર બની રહે તેવા પ્રયાસો થઈ રહ્યાં છે.

ભારતીય કિસાન સંઘના અખિલ ભારતીય સહ જૈવિક પ્રમુખ પ્રફુલભાઈ સેજલીયા, પ્રદેશ અધ્યક્ષ મગનભાઈ પટેલ, પ્રદેશ સજીવખેતી અધ્યક્ષ મહેન્દ્રભાઈ પટેલ, દિક્ષિતભાઈ પટેલ સહિત ૧૫ સમિતિઓ આ મહાશિબીરને સફળ બનાવવા માટે સતત કાર્યશીલ બનેલ છે.

## મેળાનું આયોજન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૯૦ દિવસમાં બિન ખેતીના હુકમો કરવાના નિયત અંતર્ગત હવે મેળાઓ યોજી જાહેરમાં તેનો નિકાલ કરવાની નીતિનો તંત્રએ અભિગમ રાખ્યો છે. અગાઉ ૨૦૧૨-૧૩માં આવો પ્રયાસ થયો હતો.

રાંધેજા અને ભાટ ગામની જમીનોમાં રૂ. ૨ કરોડથી વધુ કિંમતનું પ્રિમીયમ વસુલવાનું થતુ હોઈ સરકારમાં તે મંજૂરી માટે પ્રકરણો મોકલાયા હતા. જે ઉલ્લેખનીય છે. હવે સરકારે નિયમોમાં બદલાવ કરી આટલી રકમના નિર્ણયો જિલ્લાકક્ષાએ જ થશે તેમ કલેક્ટરે જણાવ્યું હતુ.

આજે ૧૫ જેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. સમયાંતરે આવા મેળાઓનું આયોજન કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આજે નિકાલ કરાયેલ કેસોમાં ગણોત ધારાની કલમ ૪૩માં મંજૂરી આપવાના કેસોની સંખ્યા વધુ હોવાનું જાણવા મળેલ છે. ત્રણ કેસમાં પ્રિમીયમની રકમ તાત્કાલિક જમા કરાવવાના હુકમો આપવામાં આવ્યા હોવાનું જણાવાયેલ છે. આજે જે મંજૂરી આપવામાં આવી છે તેમાં રહેણાંક માટેની મંજૂરીના કેસો વધુ હોવાનું પણ જાણવા મળેલ છે.

## હાજર થયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પોલીસ દ્વારા પુરી કરવામાં આવી હતી. સેટેલાઈટ વિસ્તારમાં રહેતા બિલ્ડર મધુભાઈની ઓફિસમાં જઈ તેમની પાસે રૂપિયા બે કરોડની ખંડણી માંગીને માર મારવાનો કેસ નલિન કોટડીયા સામે થયો છે. જેની તપાસ ક્રાઈમ બ્રાંચ દ્વારા કરવામાં આવી રહી છે. અગાઉ નલિન કોટડીયા દ્વારા કરવામાં આવેલી આગોતરા જામીન અરજીને અમદાવાદ ગ્રામ્ય અદાલતના એડિશનલ સેશન જજ ડી.પી. ગોહિલે ફગાવી દીધી હતી. કોર્ટે સ્પષ્ટ નોંધ્યું હતું કે આ કેસમાં હજુ આરોપીની પૂછપરછ પણ બાકી છે અને તપાસ બાકી છે ત્યારે આ તબકકે જામીન આપી શકાય નહીં.

## અભિન્ન અંગ છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નકારતા તેમણે કહ્યું કે પાકિસ્તાન સાથે આ મુદ્દા પર કોઈ વાતચીત કરવામાં નહીં આવે. પાકિસ્તાન સાથે હવે માત્ર પાક અધિકૃત કાશ્મીરના મામલે જ વાતચીત કરવામાં આવશે. ગૃહમંત્રીએ કહ્યું કે પાકિસ્તાનના પ્રધાનમંત્રી નવાઝ શરીફે સંયુક્ત રાષ્ટ્રના અધ્યક્ષને પત્ર દ્વારા જમ્મુ-કાશ્મીરના મામલે જનમત લેવાની રજુઆત કરી છે.તેમણે કહ્યું કે પાકિસ્તાને એ ન ભુલવું જોઈએ કે જમ્મુ-કાશ્મીર સમસ્યાનો ઉકેલ આવી શકે છે.

# નડીઆદના વિવિધ વિકાસ કામો માટે ૪૦ કરોડ મંજુર કરાવતા પંકજભાઈ દેસાઈ

નડીઆદ, તા. ૧૨

નડીઆદ શહેરના પ્રજાજનોની સુખાકારી માટે વિધાનસભા મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈએ સરકારમાં વિવિધ રજુઆતો કરીને શહેરના વિવિધ વિકાસના કામો માટે કુલ રૂપિયા ૩૯.૮ કરોડની માતબર રકમના કામોને મંજુરી અપાવી છે.

નગર પ્રમુખ હિતેશભાઈ પટેલના જણાવ્યા મુજબ શહેરમાં પાણી પુરવઠાના ઈ.એસ.આર. નેટવર્કને વધુ વિસ્તૃત કરવા માટે પાંચ કરોડ, સુએઝ નેટવર્ક માટે પાંચ કરોડ અને ગાર્ડ (બગીચા) માટે રૂપિયા ૩૦ લાખની ફાળવણી કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૬-૧૭ના વર્ષમાં નવા મંજુર થયેલ પ્રોજેક્ટોમાં પાણી પુરવઠા યોજનાના નવીનીકરણ માટે પાંચ કરોડ, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા માટે વીસ કરોડ, ફૂટપાથ અને એન.એમ.ટી.ના કામો માટે ચાર કરોડ તથા ગ્રીન સ્પેસ અને બગીચા માટે રૂપિયા ૫૦ લાખની ફાળવણી કરાઈ છે. આમ, નગરના વિકાસકાર્યો માટે ૩૯.૮ કરોડની માતબર રકમના વિવિધ પ્રોજેક્ટોને મંજુરી મળી છે. આ માટે નગરપાલિકા દ્વારા વિધાનસભાના દંડક પંકજભાઈ દેસાઈનો આભાર વ્યક્ત કરાયો છે. અમૃત યોજના ભારત સરકારનું એક અગત્યનું મિશન છે જેમાં તમામ કામગીરી સમય બદ્ધ અને સુયોજીત થાય તે માટે અંગત લક્ષ્ય અને સહયોગ પણ કેળવવા જણાવાયું છે. જેના પરિણામે નડીઆદ શહેરને ઉપરોક્ત સુવિધાઓ સત્વરે પ્રાપ્ત થશે.

## બાગડોર સંભાળી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્થિતિ ઉત્તરપ્રદેશમાં મજબૂત કરવા માટે પ્રિયંકાએ નેતૃત્વ લેવાના ભાગરૂપે સંભવિત ઉમેદવારોની પહેલી યાદી તૈયાર કરી લીધી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ એક અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં જણાવ્યું છે કે ઉત્તરપ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે ૮૦ જેટલા ઉમેદવારોની પહેલી યાદી તૈયાર કરી લેવામાં આવી છે. આ યાદીમાં જે કંઈ નામ છે તે તમામ નામ પ્રિયંકાની મંજુરી મળ્યા બાદ નક્કી કરવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ પ્રિયંકાને તેમના ભાઈ અને કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ સાથે ખૂબ જ સારા સંબંધ હોઈ ઉત્તરપ્રદેશમાં પ્રિયંકાને કોંગ્રેસ તરફથી સોંપવામાં આવેલી આ નવી જવાબદારી તે બિલકુલ સરળતાથી કામગીરી કરી રહી છે. ઉત્તરપ્રદેશ કોંગ્રેસ કમિટીના નેતાઓ પણ પ્રિયંકા ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની આવનારી ચૂંટણીનું તમામ પ્રચારકાર્ય સંભાળી લે તે પ્રમાણેની ઈચ્છા રાખી રહ્યા છે અને આ માટે ઉત્તરપ્રદેશના નેતાઓ દ્વારા પ્રિયંકા માટે દિલ્હી હાઈકમાન્ડ સમક્ષ પણ લોબીંગ કરવામાં આવે છે. પાર્ટીના કેટલાક નેતાઓ દ્વારા ઘણા સમય પહેલા પ્રિયંકાને પાર્ટીનું નેતૃત્વ સોંપવા માટેના નિવેદનો કરવામાં આવ્યા હતા. પ્રિયંકા દ્વારા જે ૮૦ ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવી છે. આ યાદીમાં હજુ બીજા ૨૦ ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવશે અને ઉત્તરપ્રદેશ વિધાનસભા માટે કોંગ્રેસના ૧૦૦ જેટલા ભાવિ ઉમેદવારોની યાદી તૈયાર કરી દેવામાં આવશે.

## સમસ્યાને ડામવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં છેલ્લા ૧૨ દિવસથી ડહોળુ પાણી આવતુ હોવાની બુમ ઉઠવા પામી છે. સેકટરોમાં પાણીનો ફોર્સમાં વધઘટ થતી હોવાના આક્રોશ વચ્ચે ડહોળા પાણીની સમસ્યા પણ તંત્ર માટે શિરદર્દ સમાન બની છે. વરસાદી દિવસોમાં નર્મદા ડેમ ઓવર ફલો થતા કેનાલ વિસ્તારમાં પાણીનો ફલો વધતા સેકટરોમાં ડહોળુ પાણી આવતુ હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્યારે કેનાલના પાણીને શુધ્ધ કરવા ઉપરાંત ડહોળાશને ડામવા માટે પાણી પુરવઠા તંત્ર દ્વારા પોલી એલ્યુમિનિયમ ક્લોરેટ પાવડરનો છંટકાવ કરવામાં આવે છે. જેના પરિણામે ડહોળાશની સમસ્યાને કંઈક અંશે નિવારી શકાઈ હોવાનુ સુત્રોએ જણાંવ્યુ છે. પરંતુ સવારે સપ્લાય સમયે પાણી સ્થિર થાય તેનો અવકાશ ન રહેતા હજુ સંપુર્ણ ટર્બિલીટી દુર કરી શકાતી નથી. જો કે પાણીના યોગ્ય ફિલ્ટરેશન તેમજ પ્રિ અને પોસ્ટ કલોરીનેશનની સાથે દર બે દિવસે જરૂરી ગુણવત્તા ચકાસવા માટેનો રીપોર્ટ પણ તૈયાર કરવામાં આવે છે. હાલ સેકટરોમાં સપ્લાય થતુ પાણી સંપુર્ણ રીતે પીવાલાયક જ છે. આમછતા વસાહતીઓએ પાણી ઉકાળીને ઉપયોગમાં લે તો ટર્બિલીટી નીચે બેસી જશે. હાલ શહેરમાં વરસાદી દિવસોમાં પણ પાણીનો ઉપયોગ વધતા માથાદિઠ સેકટરવાસીઓ ૨૫૦ લીટર પાણીનો વપરાશ કરે છે. રોજ ૪૫ થી ૫૦ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવે છે. પરંતુ પુરતા ફોર્સથી ટર્બિલીટી વગરનુ પાણી આપવુ તંત્ર માટે હાલ પુરતુ મુશ્કેલ બન્યુ છે. કેનાલ વિસ્તારમાં પાણીનો પ્રવાહ વધતા ડહોળાશ વધી છે. જો કે ડહોળા પાણીની સમસ્યા આગામી ૧૦ દિવસમાં હલ થઈ જશે.

## શાહરૂખની અટકાયત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યો હતો. શાહરૂખખાને પોતે સોશિયલ મિડિયા પર આ અંગેની માહિતી આપી છે. શાહરૂખ ખાને આ ઘટના અંગે નારાજગી પણ વ્યક્ત કરી છે. શાહરૂખે કહ્યુ છે કે દુનિયામાં જે પ્રકારની સુરક્ષા છે તે બાબતને તે સમજે છે. તેનુ સન્માન કરે છે પરંતુ દરેક વખતે અમેરિકી ઈમિગ્રેશનમાં લેવાની બાબત આશ્ચર્યચકિત કરી દેનારી અને દુખ પહોંચાડનાર છે.શાહરૂખે કહ્યુ હતુ કે અટકાયતમા લેવામાં આવ્યા બાદ તે હળવાશના મુડમાં પોકેમાન રમી રહ્યો હતો.

## સમયસર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આંદોલન થાય - પક્ષાપક્ષીના વિવાદો થાય...આરોપો અને આક્ષેપો થાય એ પહેલા ચૂંટણીનો જુગાર ખેલવાનું ભાજપ વિચારતુ હોય તેવો સ્પષ્ટ અણસાર અનુભવાય છે.

કોંગ્રેસ તૈયારીઓ કરે છે પણ ધીમીગતિએ કરે છે.. વાદવિવાદોની વચ્ચે કરે છે..! ટિકિટોની લાલચોમાં કરે છે..! હજુ અંદરની જુથબંધી અકબંધ છે. ગુરૂદાસ કામતના અથાગ પ્રયત્નો હોવા છતાં પણ જુથબંધીની ઘેરાઈ ઓછી થવાનુ નામ નથી લેતી. કોંગ્રેસે પણ ભાજપ પાસેથી શીખવુ જોઈએ. નવા લોહીને સ્થાન આપવુ જોઈએ. વર્ષોથી જામી પડેલા નેતૃત્વને બદલી નવા ચહેરા જો મુકાય તો કોંગ્રેસ લડત આપી શકે તેમ છે. તેમાં કોઈ બેમત નથી. કોંગ્રેસને પરાજય માત્ર કોંગ્રેજ જ આપે છે. ભાજપ કરતાં કોંગ્રેસના અંદરના જુથો કોંગ્રેસને હરાવે છે. કોંગ્રેસ પાસે હજુ પણ સમય છે. ચૂંટણીના જુગારમાં નવા પાના ઉતરે... નવું નેતૃત્વ ઉભુ કરે. નેતા ગીરી યુવાનોને સોંપે અને પક્ષને પરંપરાગત ઢાંચામાંથી બહાર કાઢે તો કોંગ્રેસ પાસે ઉજળી તક છે.

## ખંડેર હાલતમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં ટેલીફોન સેવા પુરી પાડતી ભારતીય દુર સંચાર નિગમની ડિવિઝનલ કચેરી કંગાળ હાલતમાં છે. સરકારી આવાસમાં વર્ષોથી કાર્યરત આ કચેરી છત પણ સલામત ન હોવાનુ ધ્યાને આવ્યુ છે. સે-૧૭ માં ચ કક્ષાના બ્લોક નં ૧૪૭-૨ માં કાર્યરત સબ ડિવિઝનલ ઓફ ટેલીફોનની કચેરીમાં બારી બારણા તેમજ સિલીંગ તદન તુટેલી હાલતમાં છે. બારણાને ઉધઈએ કોરી ખાતા તાળુ મારવાનો પણ કોઈ અર્થ ન હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જયારે બારીઓ પણ કટાયેલી અને તુટલા કાચ સાથે ખુલ્લી જોવા મળે છે. કચેરીના ફલોરીંગની ટાઈલ્સ તદન ઉખડી ગઈ છે. જેના પરિણામે મુલાકાતીઓ પણ કચેરીની આ દશા જોઈ બેઘડી વિચારમાં પડી જાય છે. ભારતીય દુર સંચાર નિગમની કંગાળ કચેરીના રીનોવેશન માટે નિગમની સિવિલ શાખા દ્વારા ત્વરિત પગલા લેવાય તેવી અનિવાર્યતા છે.કચેરીમાં છતમાંથી પણ પોપડા ખરે છે. જયારે દિવાલોમાં પણ ઘણાં ઠેકાણે બાકોરા પડી ગયા છે. ઉધઈ અને કચરાના ઢગથી ઘેરાયેલી આ સબ ડિવિઝનલ કચેરીમાં સફાઈના નામે પણ મીંડુ છે. ત્યારે કચેરીમાં આવતા અરજદારોમાં પણ ઓફિસનુ રીનોવેશન હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. નિગમની ડિવિઝનલ કચેરીમાં સ્વચ્છતાના નામે પણ મીંડુ હોવાથી વરસાદી દિવસોમાં કર્મચારીઓ મચ્છરના ઉપદ્રવથી બચવા માટે કછુઆ જલાવીને પણ બેસી શકતા નથી.

KALPA-TARU®

KALPATARU POWER TRANSMISSION LTD.

Regd. Office : Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector-28, Gandhinagar - 382 028.

Tel. : +91 79 2321 4000 Fax : +91 79 2321 1966

E-Mail : mktg@kalpatarupower.com

CIN : L40100GJ1981PLC004281

EXTRACT OF UNAUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2016

(₹ in Lacs)

| Particulars | For Quarter Ended | |
|---|---|---|
| | 30.06.2016 | 30.06.2015 |
| Total Income from Operations | 1,18,737 | 1,19,364 |
| Net Profit for the period before tax | 9,878 | 6,565 |
| Net Profit for the period after tax (after extraordinary items) | 6,453 | 4,301 |
| Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 7,648 | 4,519 |
| Equity Share Capital (Face Value of ₹ 2 each) | 3,069 | 3,069 |
| Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (before and after extraordinary items) | | |
| a) Basic | 4.21 | 2.80 |
| b) Diluted | 4.21 | 2.80 |

Notes :

1. The above is an extract of the detailed format of unaudited quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Financial Results is available on the Stock Exchange websites i.e. www.nseindia.com, www.bseindia.com and on the Company's website www.kalpatarupower.com
2. The Company has adopted Indian Accounting Standards (Ind AS) from 1st April, 2016. The figures for the quarter ended 30th June, 2015 have been restated to comply with Ind AS and are comparable on like to like basis. Due to this change, net profit for the quarter ended 30th June, 2015 is lower by ₹ 540 lacs.
3. The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on 12th August, 2016. The Statutory Auditors of the Company have carried out a Limited Review of the results for the quarter ended 30th June, 2016.
4. The previous period's figures have been regrouped / rearranged wherever considered necessary.

For and on behalf of the Board of Directors

Manish Mohnot
Managing Director
(DIN : 01229696)

Place : Gandhinagar
Dated : 12.08.2016